# વિજાપુર તાલુકાના હિંદુ ધર્મના સંપ્રદાયો : એક ઐતિહાસિક અધ્યયન

**Rakesh Patel**
Independent Researcher, krishrakesh50@gmail.com

**પ્રસ્તાવના :**

ભારતમાં ૧૪મી થી ૧૬મી સદી દરમ્યાનનાં સમયગાળામાં સમાજમાં ધર્મભાવના કુઠિત થઈ ગઈ હતી. કેટલાક તકવાદી લોકો આનો લાભ લઈ પોતાના જીવનની સુખ-સગવડો પ્રાપ્ત કરતાં. આ સમયગાળામાં સમાજમાં જે ભક્તિ-આંદોલન થયું, તેણે હિંદુ ધર્મમાં સદીઓથી ઘર કરી ગયેલી બદીઓને દુર કરી. ઉપરાંત ઈસ્લામના પ્રચાર સામે મુખ્ય ધર્મ તરીકે હિંદુ ધર્મે પોતાનું સ્થાન ટકાવી રાખ્યું. દરેક ધર્મોમાં એક જાગૃતિની જ્યોત પ્રગટી, જેણે ધર્મોમાં વ્યાપેલા અંધકારને દુર કરવામાં મહત્વનો ફાળો આપ્યો. આ અંધકારને દુર કરનાર સંતો હતા. વલ્લભાચાર્ય, ચૈતન્ય મહાપ્રભુ, ગુરુનાનક, કબીર, સ્વામી રામાનંદ, નરસિંહ મહેતા, રૈદાસ, તુકારામ, દેવચંદ્ર, પ્રાણનાથ વગેરે. આ ધર્મસુધારણાની અસર વિજાપુરમાં પણ થઈ હતી જેની જાણકારી વિજાપુરમાં પ્રચલિત વિવિધ સંપ્રદાયો ઉપરથી મળી શકે છે.

વર્તમાન સમયમાં હિંદુ ધર્મમાં જ્ઞાતિ પ્રથાનું મહત્વ ઘટતું જાય છે ને ધીરે-ધીરે વર્ગ પ્રથાનું પ્રભુત્વ વધતું જાય છે. સમાજમાંથી યજ્ઞોનું મહત્વ ઘટી મંદિરો અને મૂર્તિપૂજાનું મહત્વ વધ્યું છે. વર્તમાન સમયમાં સંસ્કારોનું મહત્વ ઘટવા લાગ્યું છે. અત્યારે તો હિંદુ સમાજમાં સીમંતોન્નયન, ચૌલકર્મ, ઉપનયન, વિવાહ અને અન્તેષ્ટિ સંસ્કારો જીર્ણ અવસ્થામાં ટકી રહ્યા છે. ઉપનયન સંસ્કાર શિક્ષણના સંસ્કાર તરીકે નહિ પણ એક કુલાચાર તરીકે કેટલીક બ્રાહ્મણ જ્ઞાતિઓમાં સચવાઈ રહ્યો છે. હિંદુ સમાજમાંથી તેનું ધાર્મિક મહત્વ અદ્રશ્ય થયું છે વિવાહ સંસ્કાર અને અંત્યેષ્ટિ સંસ્કાર કવચિત જ તજી દેવાય છે. ધાર્મિક માન્યતાઓનાં લીધે સમાજમાં કેટલાંક દુષણો જેવા કે બાળલગ્ન, સતીપ્રથા, જૈહર, કન્યાવિક્રય વગેરે અનિષ્ટો પશ્ચિમની સંસ્કૃતિની અસરને લીધે વર્તમાન સમયમાં લગભગ અદ્રશ્ય થયા છે. સતીપ્રથા કાયદાથી બંધ થયેલ છે. વિધવાવિવાહ તરફની ધ્રુણા વર્તમાન સમયમાં ભાગ્યેજ વરતાય છે. સ્ત્રી કુટિલ છે, નરકનું દ્વાર છે, એ ભાવના અદ્રશ્ય થઈ છે.

ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણે નવી વિચારધારા પ્રગટાવી એના પરિણામે હિંદુ ધર્મમાં પરિવર્તન આવ્યું. હિંદુ પ્રજાની ધાર્મિક માન્યતાઓનાં પાયા હચમચી ગયા. મૂર્તિપૂજા તરફ વિરોધ શરૂ થયો. કેટલાકે અમૂર્તની પૂજા વિકસાવવા પ્રયત્ન કર્યા. આમ છતાં મૂર્તિપૂજાનું ધાર્મિક મહત્વ ઓછું થયું નથી. તેમ છતાં રંગભેદ, વર્ણભેદ વગરની એકેશ્વરવાદની ભાવના વિકસી છે. પ્રજામાં સ્વધર્મ માટે મહત્વની લાગણી પેદા થઈ છે. પરદેશગામની પ્રવૃત્તિએ વેગ પકડયો છે. સમાજમાં શિવપૂજા સાથે વિષ્ણુપૂજા પણ

એટલી જ પ્રાચીન અને લોકપ્રિય છે. વિષ્ણુપૂજામાં હાલમાં વિષ્ણુના અવતારો અને શાલીગ્રામ વગેરેનું અર્ચન થાય છે. સમાજમાં આજે પણ શક્તિપૂજાનું વર્ચસ્વ વરતાય છે. અંબાજી, કાલિકા, બહુચરાજી, કુળદેવીઓ વગેરેની પૂજા લોકપ્રિય છે.[૧] વિજાપુર તાલુકામાં હિંદુઓની વસતી ૯૦% જેટલી છે.[૨]

**સંપ્રદાયો :-**

પ્રાચીન વિજાપુરના હિંદુઓની વંશપરંપરાના સંતાનો જ વિજાપુરમાં વસે છે એવા નિયમ નથી. કેટલાંક ગયા અને કેટલાંક નવા પણ આવ્યાં છે. હિંદુઓની અને તેમાં પણ વૈષ્ણવોની ભક્તિ વખણાય છે.[3] ભારતમાં ધર્મ ઝનૂની મુસ્લિમ શાસકો સામે હિંદુ ધર્મના પુન : ઉત્થાન માટે હિંદુ સંતો, મહંતો, સુધારકોએ ધાર્મિક-સામાજિક ધર્મસુધારણા કરી. તે દરમિયાન સમસ્ત હિંદુ સમાજમાં એક નવો અધ્યાય શરૂ થયો અને સમાજમાં નવાસંપ્રદાયોનો ઉદય થયો. આવા નવા સંપ્રદાયોની અસર વિજાપુર તાલુકામાં પણ જોવા મળી હતી.

**શાક્તસંપ્રદાય** :

શાક્તસંપ્રદાય ગુજરાતમાં ઘણો પુરાતન છે. અંબિકા, લલિતા, બાલા, તુલજા, ભવાની તથા શીતળા વગેરે દેવીની પ્રતિષ્ઠા ઘણા પ્રાચીન સમયની છે. કાલીકાની માન્યતા ગુજરાતમાં સર્વત્ર પ્રસરેલી છે અને એને ભદ્રકાલી નામ આપવામાં આવ્યું છે.[૪] વિજાપુરમાં પણ આ કાલીમાતાનાં ઉપાસકોની ખુબજ બહોળી વસ્તી છે. જેનાં પુરાવા રૂપે જોઈએ તો વિજાપુરની ઉગમણી દિશાએ સાબરમતી નદીનાં કિનારે પ્રાચીન પહાડાગામ આવેલું હતું. હાલ આ ગામ નથી પરંતુ અહીંથી ઉપરવાસમાં જે લોક રહેવા ગયા તે પહાડીયા તરીકે ઓળખાય છે ઉપરાંત ત્યાં નદી પાસે માતાજીનું દેરૂં હતું હાલ ત્યાં એક વિશાળ મંદિરની સ્થાપના થઈ છે. દર રવિવારે અહિ ભક્તોની ભીડ જામે છે જે પરથી કહી શકાય કે હજુ પણ લોકો શક્તિની ઉપાસનામાં શ્રધ્ધા ધરાવે છે.

મહુડીનાં રસ્તે જતાં પહેલું ખારા કુવાનું ખેતર છે. તેના કુવામાંથી અગર ખેતરમાંથી કાલીકાની મૂર્તિ તથા વરાહસ્વરૂપની મૂર્તિ વિ.સં. ૧૮૫૦ લગભગમાં નીકળી હતી.[૫] આ મૂર્તિઓની પ્રતિષ્ઠા ગાયકવાડ સરકારના દિવાને વિજાપુરમાં મંદિર બનાવી કરી હતી. આ બાબતથી કહિ શકાય કે વિજાપુરમાં પ્રાચીન સમયથી કાલીના ઉપાસકો તથા તેને માનનાર લોકો હશે.

વિજલદેવ પરમાર રાજાએ વિજાપુર વસાવ્યું હતું. પરમાર વિજલદેવ રાજા જ્યારે વિજાપુરમાં આવ્યા ત્યારે પોતાની કુળદેવી વિંધ્યવાસીની દેવીની મૂર્તિ સાથે લાવ્યો હતો. વિજલદેવે દેરુ બનાવી તેની સ્થાપના પોતાના નગર વિજાપુરમાં કરી તેથી તે વિજવાસીણી દેવી તરીકે ઓળખાય છે.[૬]

લાડોલ ગામમાં હરસિદ્ધમાતાનું સોલંકીકાલીન મંદિર આવેલું છે. આ બધા પ્રાચીન પુરાવાઓને આધારે કહી શકાય કે વિજાપુરમાં પણ શાક્ત સંપ્રદાય પ્રાચીન સમયથી અસ્તિત્વ ધરાવે છે. અને હાલ પણ આ સંપ્રદાયમાં માનનારો મોટો વર્ગ છે.

કુદેડા ગામમાં કૂદેમાતાનું દેરું આવેલું છે જેનાં પરથી આ ગામનું નામ કુદેડા પડ્યું છે. કૂદેમાતા નાગરોનાં કુળદેવી ગણાય છે, પહેલા કુદેડામાં નાગરોની વસાહતો હતી અને નાગર બ્રાહ્મણોનાં વસવાટનું મોટું કેન્દ્ર હોય એમ લાગે છે, આજે નાગરો કૂદેમાતાને કુળદેવી તરીકે પુજતાં નથી. આજે કૂદેમાતાનું અન્ય મંદિર ઉત્તર ગુજરાતમાં ક્યાંય જોવા મળતું નથી. આ કૂદેમાનું મંદિર એક સમયે ગામનાં પ્રવેશ દ્વારે હતું પછી નાગરોની વસાહતો હતી. હાલ પણ કૂદેમાતાનું દેરું ગામમાં આવેલું છે.[૭]

**વૈષ્ણવ સંપ્રદાય :-**

વિજાપુરમાં વૈષ્ણવ સંપ્રદાયનાં અનુયાયીઓ પણ છે, દોશીવાડામાં વૈષ્ણવોનું મંદિર આવેલું છે. જેનાં અનુયાયીઓમાં સોનીઓ મુખ્ય છે.[૮] ઉપરાંત વૈષ્ણવ સાધું કૃષ્ણદાસજીના ઉપદેશથી વૈષ્ણવ દેસાઈઓ, બારોટો તથા વૈષ્ણવોએ રામબાગમાં રાધાકૃષ્ણનું મંદિર પણ બનાવ્યું છે.[૯] આ બાબતથી કહી શકાય કે વિજાપુરમાં આ સંપ્રદાયનાં અનુયાયીઓ છે.

**કબીરપંથ :-**

ગુજરાતમાં કબીરપંથની અનેક શાખાઓ પ્રચલિત છે, પરંતુ એમાં રામકબીર અને સંત કબીરપંથ વિશેષ પ્રચલિત છે. આ સંપ્રદાયનાં અનુયાયીઓ પાટીદાર કોમમાં વિશેષ જોવા મળે છે. જીવણજી મહારાજે (સં- ૧૬૪૯) રામકબીર સંપ્રદાયને 'ઉદા-સંપ્રદાય' એવું નામ આપ્યું. આ સંપ્રદાયના અનુયાયીઓને ઉદાભક્તો કહે છે.[૧૦] વિજાપુરમાં પણ પાટીદારોમાં આ સંપ્રદાયના અનુયાયીઓ છે, જેમાં – કુદેડા, રણસીપુર, રામપુર, કોટ, સરદારપુર, જેપુર, માઢી વગેરે ગામોના પાટીદારો આ સંપ્રદાયનાં અનુયાયી છે.

**કૈવલ સંપ્રદાય :-**

આ સંપ્રદાયને કૈવલજ્ઞાન સંપ્રદાય કે કાયમ-પંથ પણ કહે છે. આ સંપ્રદાયના પ્રવર્તક કુબેરદાસ હતા. એમની મુખ્ય ગાદી સારસા (સાણંદ પાસે)માં સ્થપાઈ હતી. આ સંપ્રદાયનાં લગભગ ૫૨ જેટલાં મંદિર ગુજરાતમાં છે.[૧૧] વિજાપુરમાં આ સંપ્રદાયનાં અનુયાયોઓનો બહોળો વર્ગ છે.

**રામદેવપીર સંપ્રદાય :-**

રાજસ્થાન મારવાડમાં રણુજા ગામે રામદેવપીર સંપ્રદાય શરૂ થયો. લગભગ બસો વર્ષ પૂર્વે રણુજાથી ધોળકા પાસે રંગપુર આવીને રામબાવાએ રામદેવપીરનું મંદિર કર્યું.[૧૨] વિજાપુર તાલુકામાં રામદેવપીર સંપ્રદાયના અનુયાયીઓ છે. જેના સાક્ષી રૂપ રામાપીરનાં મંદિરો વિજાપુર તથા તેની આસપાસનાં ગામડાઓમાં જોવા મળે છે. વિજાપુર પાસે હાથીપુરા ગામમાં તો દર વર્ષે શ્રાવણ માસમાં રાજસ્થાન રણુજા પગપાળા સંઘ જાય છે.

**પ્રણામી સંપ્રદાય :-**

દેવચંદ્ર મહેતા (ઈ.સ. ૧૫૮૨)એ સ્થાપેલ અને પ્રાણનાથે (ઈ.સ. ૧૬૧૮-૧૬૯૫) જામનગરમાં પ્રસરાવેલ શ્રી નિજાનંદ કૃષ્ણપ્રણામી સંપ્રદાય પણ આ કાલખંડ દરમિયાન ખૂબ વિકસ્યો. જામનગરનાં ખીજડા મંદિરની ધર્મપીઠના આચાર્ય ધનીદાસજી તેમજ એમના પછી ગાદીએ આવેલા ધર્મદાસજી (ગાદી ઈ.સ. ૧૯૪૪)નાં પ્રેરણા અને પુરુષાર્થથી એમાં ભારે વધારો થયો. સંપ્રદાયમાં આ કાલ દરમિયાન દોઢ લાખ જેટલા શિષ્ય વધ્યા અને તેઓનો પ્રચાર નેપાળ, આસામ ઉપરાંત પંજાબમાં વિશેષ થયો. ગુજરાતમાં પણ એમની સંખ્યા વધી. પ્રકાશન પ્રવૃત્તિમાં ખાસ કરીને સંપ્રદાયગ્રંથ 'સ્વરૂપસાહેબ' પ્રગટ થતાં પાઠ-પારાયણ વધ્યાં તેમજ નવાં ૧૦૦ જેટલાં મંદિરો પણ બંધાયા. આ સંપ્રદાયની સુરતની ગાદી 'ફકીરીગાદી' અને જામનગરની ગાદી 'ગૃહસ્થીગાદી' કહેવાતી. સુરતની ગાદી સ્વામી પ્રાણનાથથી શરૂ થઈ. વિજાપુર તાલુકામાં પ્રણામી સંપ્રદાયના અનુયાયીઓ માત્ર રામપુરા (કુવાયડા), ધનપુરા (ઘાંટુ) અને ભીમપુરા (ઘાંટુ) ગામોમાં છે. આ સંપ્રદાયનાં અનુયાયીઓ વિજાપુર તાલુકામાં જ નહિ પરંતુ સમગ્ર મહેસાણા જિલ્લામાં માત્ર આ ત્રણ ગામોમાં છે. તેમાય પ્રણામી સંપ્રદાયનું એક માત્ર મંદિર વિજાપુરમાં રામપુરા (કુવાયડા) ગામમાં છે. તેનો ઈતિહાસ તપાસતા માલુમ પડ્યું છે કે પ્રણામી સંપ્રદાયનાં પ્રચાર અર્થે શ્રી પ્રાણનાથ સ્વામી રામપુરા ગામમાં આવેલા હતા. અને અહિના લોકો તેમના શિષ્યો બન્યા હતા. તેમાં મુખ્ય પાટીદાર કોમમા જ આ સંપ્રદાયના અનુયાયીઓ છે.

આમ, ઉપરોક્ત હિંદુ ધર્મનાં સંપ્રદાયો વિજાપુર તાલુકામાં અસ્તિત્વ ધરાવે છે, અને ધાર્મિક કાર્યોની સાથે-સાથે સેવા કાર્યો પણ કરે છે જે ખરે ખર પ્રશંસનીય બાબત કહેવાય. આ સંપ્રદાયોની શરૂઆત જે પરિસ્થિતિમાં થઈ તેનાંથી વધારે સારી સ્થિતિ અને સમયને અનુરૂપ બદલાવ લાવીને વર્તમાનમાં આ સંપ્રદાયો જે સેવા કાર્યો કરી રહ્યા છે તે ખૂબજ પ્રશંસનીય કહી શકાય તેવા છે.

**પાદનોંધ :-**

૧. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવિણચંદ્ર ચિમનલાલ (સંપા), 'ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ-૯, ઈતિહાસની, શેઠ ભોળાભાઈ જેસંગભાઈ

અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, વિ. સં. ૨૦૪૩, ઈ.સ. ૧૯૮૭, પૃ-૩૩૫.

૨. Census of India 2011, website.

૩. "શ્રીમદ બુદ્ધિસાગર સૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ, મુંબઈ, દ્રિતીય આવૃત્તિ, ઈ.સ. ૧૯૨૫, પૃ. ૧૭૧-૧૭૨.

૪. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવિણચંદ્ર ચીમનલાલ (સંપા), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', પૂર્વોક્ત. ૧, પૃ.૩૩૭.

૫. "શ્રીમદ બુદ્ધિસાગર સૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત. ૩, પૃ. ૧૦૭.

૬. એજન, પૃ. ૧૦૬.

૭. પ્રા. ડૉ. કે. જી. પટેલ પાસેથી સાભાર મળેલી માહિતીના આધારે.

૮. "શ્રીમદ બુદ્ધિસાગર સૂરિશ્વર મહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત. ૩, પૃ.૧૦૯.

૯. એજન, પૃ.૧૧૬.

૧૦. ભટ્ટ કાંતિકુમાર. સી., 'રામ કબીર સંપ્રદાય', પૃ. ૨૦૫.

૧૧. रामकुमार गुप्त, गुजरातके संतोकी हिन्दी साहित्यको देन, पृ. ७९-८०.

૧૨. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવિણચંદ્ર ચીમનલાલ (સંપા), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', પૂર્વોક્ત. ૧, પૃ. ૩૪૨.